# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-12-2025 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## SIR સમય પત્રક સુધારો:

કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત સહિત છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-SIR માટેના સમયપત્રકમાં સુધારો કર્યો છે. તેમાં ગુજરાત ઉપરાંત, તમિલનાડુ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.

સુધારેલા સમયપત્રક મુજબ, ગુજરાત અને તમિલનાડુમાં હવે 14 ડિસેમ્બર સુધીમાં આ કવાયત પૂર્ણ કરશે. એટલે કે 14 ડિસેમ્બર સુધી ગણતરી પત્રકો જમા કરાવી શકાશે. આ બંને રાજ્યોમાં 19 ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પડશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ માટે ગણતરી પત્રકો જમા કરાવવાની અંતિમ તારીખ 18 ડિસેમ્બર જ્યારે ઉત્તર પ્રદેશ માટે 26 ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે કોઈપણ યોગ્યતા ધરાવતો મતદાર આખર મતદારયાદીમાંથી બાકાત ન રહે તે માટે મતદાર ફોર્મ છ ભરી આખરી મતદારયાદીમા નામ સુનિશ્ચિત કરાવી શકશે.

દરમ્યાન જિલ્લામાં S.I.Rની કામગીરી અંગે માધાપરના મતદાર અશરફ ખોજાએ મતદારોને જાગૃત થવા આ મુજબ જણાવ્યુ હતું.

(બાઈટ-અશરફ ખોજા- મતદાર માધાપર)

---

## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ:

રાજ્યમાં હવા અને પાણીની ગુણવત્તા માપન માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-GPCB દ્વારા બે 'પર્યાવરણીય મોનિટરિંગ મોબાઇલ વાન' એન્વાયરમેન્ટ ડેમેજ કંમ્પેનસેશન-EDC ફંડ હેઠળ 5.76 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કાર્યરત કરાઇ છે. આ મોબાઈલ વાનના કાર્યક્ષેત્રમાં બે ઝોનમાં રાજ્યના તમામ જિલ્લાઓને આવરી લેવાયા છે.

આ મોબાઇલ વાનમાં આધુનિક વિશ્લેષણ ઉપકરણો, ડિટેક્ટરો અને પોર્ટેબલ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ વાનનો ઉપયોગ કેમિકલ ઉદ્યોગ વિસ્તારો, GIDC, SEZ તથા અન્ય સંભવિત પ્રદૂષણગ્રસ્ત વિસ્તારોમાં કરવામાં આવી રહ્યો છે., જેમાંથી જે તે વિસ્તારની હવા અને પાણીની ગુણવત્તા ચકાસીને તેની ઉપર યોગ્ય પગલાં ભરવા આ વાન નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે.

---------------------------------------------------------------------------------------------------

## અંજાર સ્થાપના દિવસ ઉજવણી :

ઐતિહાસિક અંજાર શહેરના 1 હજાર 481માં સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે અંજાર નગરપાલિકા દ્વારા આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે સવારે 10 વાગ્યે નગરપાલિકાથી અજેપાળ મંદિર સુધી શોભાયાત્રા નીકળશે. ત્યારબાદ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે ગંગાનાકા પાસે તોરણવિધિ અને ખીલીપૂજન કરવામાં આવશે. અને ટાઉનહોલ ખાતે વિશિષ્ટ સેવા આપનાર નાગરિકોનું સન્માન કરાશે. આ ઉપરાંત ટાઉનહોલ મેદાનમાં પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાશે.

---------------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

દક્ષિણ આફ્રિકાની ટીમે ભારતને બીજી ટી 20 મેચમાં 51 રને હરાવી પાંચ મેચોની શ્રેણી એક-એક મેચથી સરભર કરી છે. ચંદીગઢ ખાતેની બીજી મેચમાં ભારતે ટોસ જીતી દક્ષિણ આફ્રિકાને બેટિંગમાં ઉતારતા દક્ષિણ આફ્રિકાએ 4 વિકેટ ગુમાવી 213 રન કર્યા હતા. ડીકોકે સહુથી વધુ 90 રન કર્યા હતા. જવાબમાં ભારતની ટીમ 162 રન કરી શકી હતી. તિલક વર્માએ સૌથી વધુ 62 રન કર્યા હતા. કટક ખાતેની પ્રથમ મેચ ભારતે 101 રન થી જીતી હતી.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

આગામી સાત દિવસ રાજ્યમાં લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની ઝડપ 15 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. દરમ્યાન જીલ્લામાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે.નલિયામાં આ સીઝનમાં પ્રથવાર સિંગલ ડીઝીટમાં લઘુત્તમ તાપમાન 9 ડિગ્રી નોંધાયુ હતું. સવારના સમયમાં હાડ થીજી જાય એવુ વાતાવરણ સર્જાતા લોકો ગરમ કપડા સાથે ઘર બહાર નીકડતા જોવા મળ્યા હતા. જીલ્લા મથક ભુજમાં 14.6 તો કંડલા એરપોર્ટમાં 11.27 ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. હાલ કચ્છમાં બેવડી રૂતુનો અનુભવ થઈ રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## રાપર-રવિ પાકનું વાવેતર:

વાગડ વિસ્તારમાં નર્મદા કેનાલના પાણીથી ખેતીમાં ક્રાંતિ આવી છે. આ વર્ષે એકલા રાપર તાલુકામાં 70,000 હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું છે, જે અભૂતપૂર્વ છે. નર્મદાના નીર હવે વાગડના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બન્યા છે.

નર્મદા કેનાલ રાપર તાલુકાના 39 ગામો અને ભચાઉ તાલુકાના 27 ગામોમાંથી પસાર થાય છે. આ ઉપરાંત, અન્ય ગામોમાં પણ બ્રાન્ચ કેનાલ દ્વારા ખેડૂતો નર્મદાના પાણીનો ઉપયોગ કરીને ખેતી કરી રહ્યા છે.

રાપર ખેતીવાડી અધિકારી ભરત શ્રીમાળીના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 62,155 હેક્ટરમાં વાવેતર થયું છે.

---